NAVSARI AGRICULTURAL UNIVERSITY

**હિસાબ નિયામકશ્રીની કચેરી**
**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬ ૪૫૦**

**વંચાણે:**– (૧) સરકારશ્રીના નાણાં વિભાગનાં ઠરાવ ક્ર.નં. વલભ–૧૦૨૦૧૬–જીઓઆઈ–૭–ચ,તા. ૧૩.૦૧.૨૦૨૦
(૨) સરકારશ્રીના નાણાં વિભાગનાં ઠરાવ ક્ર.નં. વલભ–૧૦૨૦૧૬–જીઓઆઈ–૭–ચ,તા. ૦૬.૧૧.૨૦૨૦

# –:: પરિપત્ર ::–

**વિષય:–** તા. ૦૧.૦૭.૨૦૧૯ થી રાજ્ય સરકારના કર્મચારીઓને મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના તફાવતના નાણાં ચુકવવા બાબત..

આ યુનિવર્સિટીની તમામ કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, વંચાણે લીધેલ ક્રમ–૧ ના ઠરાવથી મોંઘવારી ભથ્થાનાં દરમાં ૫ ટકા વધારો કરવામાં આવેલ હતો. જેનાં તફાવતના નાણાં તા. ૦૧/૦૭/૨૦૧૯ થી તા. ૩૧/૧૨/૨૦૧૯ સુધીનાં ચૂકવવાના બાકી છે. જે માટે વંચાણે લીધા ક્રમ–૨(નકલ સામેલ) નાં ઠરાવથી પ્રથમ હપ્તા પેટે કુલ ૩ માસનાં તફાવતના નાણાં ચૂકવી આપવા સરકારશ્રીની સુચના થતા **તા.૦૧/૦૭/૨૦૧૯ થી ૩૦/૦૯/૨૦૧૯ સુધીનાં તફાવતના** બીલો બનાવી *તિજોરી કચેરીમાં રજુ કરી આપવા જણાવવામાં આવે છે.*

**હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/વહટ/૫૩૯૬–૯૮/૨૦૨૦
નવસારી, તા. ૦૭/૧૧/૨૦૨૦

**નકલ જય ભારત સાથ રવાના:–**
આ યુનિવર્સિટીની તમામ કચેરીઓના વડાશ્રીઓ તરફ જાણ સારુ.

**નકલ રવાના:–**
(૧) વહિવટી–વ–હિસાબી અધિકારી, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ સારુ.
(૨) અત્રેની કચેરીના ERP શાખા તરફ ઓનલાઈન કરવા સારુ.
(૩) આ કચેરીની પેન્શન બીલ શાખા તરફ ઉપરોકત સૂચના મુજબ મોંઘવારી ભથ્થાના તફાવતનાં નાણાં પેન્શનરોને પણ ચૂકવણા કરવાની કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.

મોંઘવારી ભથ્થાનાં તફાવતની રકમ ચૂકવવા બાબત

ગુજરાત સરકાર

નાણા વિભાગ

ઠરાવ ક્રમાંક : વલભ-૧૦૨૦૧૬-જીઓઆઇ-૦૭-ચ

સચિવાલય, ગાંધીનગર

**તારીખ : ૦૬/૧૧/૨૦૨૦**

વંચાણે લીધા: (૧) નાણા વિભાગનો તા. ૧૬/૫/૨૦૦૮ નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૦૭-૨૦૧૬-ચ

(૨) નાણા વિભાગનો તા.૧૩/૦૧/૨૦૨૦નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૧૬-જીઓઆઇ-૭-ચ

(૩) નાણા વિભાગનો તા. ૧૫/૦૨/૨૦૨૦નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૧૯-જીઓઆઇ-૧૬-ચ

## :: ઠરાવ ::

ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો- ૨૦૧૬ હેઠળના પગારધોરણો મુજબના પગાર ઉપર સંદર્ભ(૨)માં દર્શાવેલ તા. ૧૩/૦૧/૨૦૨૦નાં સરકારી ઠરાવ અન્વયે રાજ્ય સરકારના કર્મચારીઓ/પેન્શનરોનાં કિસ્સામાં તા. ૦૧/૦૭/૨૦૧૯ ની અસરથી મોંઘવારી ભથ્થાનાં દરમાં વધારો કરવામાં આવેલ છે. તેમજ ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ હેઠળનાં પગારધોરણો મુજબનાં પગાર ઉપર સંદર્ભ(૩)માં દર્શાવેલ તા.૧૫/૦૨/૨૦૨૦નાં સરકારી ઠરાવ અન્વયે રાજ્ય સરકારનાં કર્મચારીઓ/પેન્શનરોનાં કિસ્સામાં તા.૦૧/૦૭/૨૦૧૯ની અસરથી મોંઘવારી ભથ્થાનાં દરમાં વધારો કરવામાં આવેલ છે.

જે-તે સમયે ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો- ૨૦૧૬ અને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ મુજબનાં પગારધોરણ મેળવતાં કર્મચારીઓ/પેન્શનરોનાં કિસ્સામાં, તા.૦૧/૦૭/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯ એમ કુલ ૬(છ) માસનાં મોંઘવારી ભથ્થાનાં તફાવતની રકમ રોકડમાં ચુકવવાની બાકી હતી. સદરહું મોંઘવારી ભથ્થાનાં તફાવતની રકમ રોકડમાં ચુકવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે સંદર્ભ (૨) અને (૩)માં દર્શાવ્યા મુજબનાં મોંઘવારી ભથ્થામાં વધારો કરતાં હુકમો કરવામાં આવેલ છે તે કર્મચારીઓ/પેન્શનરોનાં કિસ્સામાં, તા.૦૧/૦૭/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯ એમ કુલ ૬(છ) માસનાં સમયગાળા પૈકીનાં કુલ ૩ માસનાં સમયગાળા માટેની પ્રથમ હપ્તા તરીકેની ચૂકવવાપાત્ર થતી મોંઘવારી ભથ્થાનાં તફાવતની રકમ રોકડમાં ચુકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

પ્રસ્તુત ચુકવણી દિવાળીનાં તહેવાર (તા.૧૪/૧૧/૨૦૨૦) પહેલાં કરવામાં આવે તેની તકેદારી રાખવાની રહેશે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

(રમઝાન અ. જાફરાની)
સેકશન અધિકારી
નાણા વિભાગ

**નકલ રવાના પ્રતિ-:**

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર .
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત લોકાયુક્ત કચેરી, લોકાયુક્ત ભવન, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો/સર્વે ખાતાના વડાઓ
- એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧, ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ.એન્ડ ઇ) ગુજરાત, પો.બો. નં. ૨૨૦, રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત, અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- સ્થાનિક ભંડોળ હિસાબ, ડી. એ. ટી.ગાંધીનગર /સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
- તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ .....વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

  સિલેક્ટ ફાઇલ
- પત્ર દ્વારા